# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gm....... web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/ 15529 તા.૧૨/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** નિપુણ ભારત અંતર્ગત ધોરણ ૧ થી ૮ માં વાર્તા સ્પર્ધાના આયોજન કરવા બાબત.

**સંદર્ભ:-** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીસીઆરટી/સીએન્ડઇ/૨૦૨૪-૨૫ /૨૫૪૬૪-૯૩ તા.૦૯.૧૧.૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરના તા.૦૯.૧૧.૨૦૨૪ પત્ર અન્વયે ચાલુ વર્ષ બાળકોના વકીલ તરીકે જાણીતા તેમજ મૂછાળી મા તરીકે વિશ્વપ્રસિધ્ધ ગિજુભાઇ બધેકાના જન્મમાસ-નવેમ્બર માસથી વર્ષ-૨૦૨૪-૨૦૨૫ નિપુણ ભારત અંતર્ગત ધોરણ ૧ થી ૮ માં વાર્તા સ્પર્ધાના આયોજન કરવા કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉક્ત પરિપત્રની નકલ

25464-93

ક્રમાંક : જીસીઇઆરટી/સીએન્ડઇ/2022—23
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન',સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail: director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 07/11/2024

સત્યમેવ જયતે

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

09 NOV 2024

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ, ગુજરાત

**વિષયઃનિપુણ ભારત અંતર્ગત ધોરણ ૧ થી ૮માં વાર્તા સ્પર્ધાના આયોજન બાબત**
**સંદર્ભઃ૧. શિક્ષણવિભાગના ઠરાવક્રમાંકઃજશભ/૧૨૨૦૨૧/સીંફ-૧૧/ન, તા. ૩૧/૦૧/૨૦૨૨**
**૨. શિક્ષણવિભાગના ઠરાવક્રમાંકઃજશભ/૧૨૨૦૨૨/૧૦૪/ન, તા.૫/૮/૨૦૨૨**
**3. તા. 05/11/2023ની શાખાનોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી અન્વયે**

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વર્ષ 2024-25 માટે જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા આપણા રાજ્યમાં **'નિપુણ ભારત અંતર્ગત બાળવાર્તા કાર્યક્રમ'**નું આયોજન થયેલ છે. જે સારુ જીસીઇઆરટી, ગાંધીનગરના વર્ષ 2024-25ના એન્યુઅલ વર્કપ્લાન એન્ડ બજેટ **(AWP&B)**ના પાન નંબર 57 પર દર્શાવ્યા મુજબ 'નિપુણ ભારત - વાર્તા કાર્યક્રમ' માટે **EDN -16L**ના સદર હેઠળ ખર્ચ કરવાની જોગવાઇ થયેલ છે.

જે અંતર્ગત ચાલુ વર્ષે બાળકોના વકીલ તરીકે જાણીતા તેમજ 'મૂછાળી મા' તરીકે વિશ્વપ્રસિધ્ધ ગિજુભાઇ બધેકાના જન્મમાસ – નવેમ્બર માસથી વર્ષ 2024-25 નિપુણ ભારત અંતર્ગત બાળવાર્તા કાર્યક્રમની શરૂઆત કરવાનું આયોજન થયેલ છે.

જે સંદર્ભે નીચેની સૂચનાઓ અને સામેલ સ્પર્ધાના સમયગાળાને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએથી જરૂરી આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

- સદર કાર્યક્રમના સુચારુ આયોજન સારુ ગત વર્ષની માફક **શાળામાં, તાલુકા કક્ષાએ, બ્લૉકકક્ષાએ, જિલ્લાકક્ષાએ, ઝોનકક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ વાર્તા** કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
- વાર્તા સ્પર્ધાનું આયોજન તમામ ડાયેટ પ્રાચાર્યશ્રી, ડીપીઇઓશ્રી, ડીઈઓશ્રી, શાસનાધિકારીશ્રીના સંકલનથી કાર્ય કરવાનું રહેશે.
- ગત વર્ષ સુધી ધોરણ 1 થી 8 સુધીના બાળકો માટે વાર્તા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું, પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ-2023-24 થી બાલવાટિકા વર્ગનો સમાવેશ

પ્રાથમિક શાળાના ભાગરૂપે કરેલ છે, આથી વર્ષ 2024-25 વાર્તા કાર્યક્રમમાં બાલવાટિકાના બાળકોનો પણ સમાવેશ કરવાનો રહેશે. વર્ષ 2024-25 વાર્તા કાર્યક્રમના ભાગરૂપે **બાલવાટિકા થી ધોરણ 5 માટે વાર્તાકથન સ્પર્ધા અને ધોરણ 6 થી 8 માટે વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધા**નું આયોજન કરવાનું રહેશે.

- રાજ્યમાં આવેલ તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં વાર્તાસ્પર્ધાનું આયોજન ફરજિયાત કરવાનું રહેશે.
- આ સ્પર્ધા નીચેના ત્રણ વિભાગમાં યોજવાની રહેશે.

| ક્રમ | વિભાગ | લાભાર્થી જૂથ | સ્પર્ધાનું નામ |
|---|---|---|---|
| વિભાગ- 1 | પ્રારંભિક વિભાગ(ફાઉન્ડેશનલ સ્ટેજ) | બાલવાટિકા થી ધોરણ – 2ના વિદ્યાર્થીઓ માટે | વાર્તાકથન સ્પર્ધા (વિદ્યાર્થીની મનપસંદ વાર્તા) |
| વિભાગ- 2 | પ્રાથમિક વિભાગ ( પ્રિપેરેટરી સ્ટેજ) | ધોરણ – 3 થી 5ના વિદ્યાર્થીઓ માટે | વાર્તાકથન સ્પર્ધા ('નિપુણ ભારત વાર્તાસંગ્રહ પુસ્તિકાઓ તેમજ શાળા પુસ્તકાલયમાંની અથવા વર્તમાનપત્રમાં ઉપલબ્ધ બાળસાહિત્ય પૈકીની વિદ્યાર્થીની મનપસંદ વાર્તા) |
| વિભાગ- 3 | ઉચ્ચપ્રાથમિક વિભાગ(મિડલ સ્ટેજ) | ધોરણ – 6 થી 8ના વિદ્યાર્થીઓ માટે | વાર્તા(નિર્માણ)લેખન સ્પર્ધા (થીમ પરથી વાર્તા નિર્માણ) |

1) **શાળાકક્ષાની સ્પર્ધા :<u>શાળામાં વાર્તાકથન તથા વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધાનું આયોજન કરવાનું થાય.</u>** શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી કક્ષાએ મોકલવાની રહેશે. **<u>શાળા કક્ષાની સ્પર્ધા માટે અત્રેથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ નથી</u>.**

2) **ક્લસ્ટર (સી.આર.સી.) કક્ષાની સ્પર્ધા :** ક્લસ્ટરકક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી સી.આર.સી. કોર્ડિનેટરે

યાદી પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે. દરેક વિભાગમાંથી **માત્ર પ્રથમક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા(બી.આર.સી.)** કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. **કલસ્ટર (સી.આર.સી.) કક્ષાની સ્પર્ધા માટે અત્રેથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ નથી.**

3) તાલુકા કક્ષાની સ્પર્ધા : તાલુકા કક્ષાએ ક્લસ્ટરમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે. અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી. કો.ઓ સાથે રહી કરવાનું રહેશે.. **તાલુકા (બી.આર.સી.) કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી કરવામાં આવશે.**

4) **જિલ્લાકક્ષાની સ્પર્ધા** : જિલ્લાકક્ષાએ તાલુકાકક્ષામાંથી વિવિધસ્પર્ધાઓ માટે આવેલ પ્રથમક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર **પ્રથમક્રમના** વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્યકક્ષાએ મોકલવાની રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવાની રહેશે. **જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી કરવામાં આવશે.**

5) **ઝોનકક્ષાની સ્પર્ધા** : ઝોનકક્ષાએ જિલ્લા કક્ષામાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી ત્રણેય વિભાગના **પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી ઝોનકક્ષાએ મોકલવાની રહેશે.** જેમાં વિભાગ 1 – બાલવાટિકા થી ધોરણ 2ના વિદ્યાર્થીઓના વાર્તાકથનના વિડીયો સાથે ઝોન કક્ષાની સ્પર્ધા માટે નિયત થયેલ સ્થળે શિક્ષકશ્રી અથવા વાલીશ્રીએ ઉપસ્થિત રહેવાનું રહેશે. (વિભાગ 1ના બાળકોને રૂબરૂ ઉપસ્થિત રાખવાના રહેશે નહીં.) સ્પર્ધા ઝોનકક્ષાની સ્પર્ધા કલાઉત્સવ દ્વારા નિયત કરેલા ઝોનના જિલ્લા મુજબ યોજવાની થાય. **ઝોન કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી હવે પછીથી કરવામાં આવશે.**

6) **રાજ્યકક્ષાની સ્પર્ધા** : રાજ્ય કક્ષાએ ઝોન કક્ષામાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના સ્પર્ધકની પસંદગી કરી ત્રણેય વિભાગના **પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમના** વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાએ મોકલવાની થાય. જેમાં વિભાગ 1 – બાલવાટિકા થી ધોરણ 2ના વિદ્યાર્થીઓના વાર્તાકથનના વિડીયો સાથે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે નિયત કરાયેલ સ્થળે લઇને શિક્ષકશ્રી અથવા વાલીશ્રીએ ઉપસ્થિત રહેવાનું રહેશે. (વિભાગ 1ના બાળકોને રૂબરૂ ઉપસ્થિત રાખવાના રહેશે નહીં.) રાજ્યકક્ષાની સ્પર્ધા જીસીઇઆરટી કચેરી દ્વારા નિયત કરેલા જિલ્લા મુજબ

યોજવાની થાય. **રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ગ્રાન્ટની ફાળવણી અત્રેથી હવે પછીથી કરવામાં આવશે.**

નિપુણ ભારત અંતર્ગત યોજવાની થતી બાળવાર્તા સ્પર્ધાઓ માટે સ્પર્ધા દીઠ નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | પ્રથમઇનામ (રૂ.) | દ્વિતીયઇનામ (રૂ.) | તૃતીયઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| 1 | શાળા તથા ક્લસ્ટરકક્ષા | ---- | --- | ----- |
| 2 | તાલુકાકક્ષા (બાલવાટિકા થી ધોરણ ૨) | 500 | 300 | 200 |
| | તાલુકાકક્ષા (ધોરણ ૩ થી ૫) | 500 | 300 | 200 |
| | તાલુકાકક્ષા (ધોરણ ૬ થી ૮) | 500 | 300 | 200 |
| 3 | જિલ્લાકક્ષા (બાલવાટિકા થી ધોરણ ૨) | 1000 | 800 | 500 |
| | જિલ્લાકક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | જિલ્લાકક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |
| 4 | ઝોન કક્ષા (બાલવાટિકા થી ધોરણ ૨) | 1000 | 800 | 500 |
| | ઝોન કક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | ઝોન કક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |
| 5 | રાજ્ય કક્ષા (બાલવાટિકા થી ધોરણ ૨) | 1000 | 800 | 500 |
| | રાજ્ય કક્ષા (ધોરણ ૩ થી ૫) | 1000 | 800 | 500 |
| | રાજ્ય કક્ષા (ધોરણ ૬ થી ૮) | 1000 | 800 | 500 |

7) દરેક સ્પર્ધાના **આયોજન માટે સ્પર્ધાદીઠ** નીચે મુજબના ખર્ચની જોગવાઇ જીસીઇઆરટી, ગાંધીનગરના વર્ષ 2024-25ના એન્યુઅલ વર્કપ્લાન એન્ડ બજેટ (AWP&B)માં દર્શાવેલ છે, જે મુજબની ખર્ચની ગ્રાન્ટ ફાળવણી હવે પછીથી કરવામાં આવશે.

| વિગત | બીઆરસી | જિલ્લા |
|---|---|---|
| વિવિધ કક્ષાએ નિર્ણાયકના માનદવેતન | રૂ. 600 લેખે ( વિભાગ દીઠ કુલ 3 નિર્ણાયક રાખી શકાય) (કુલ 9 નિર્ણાયક) | રૂ. 1000 લેખે (વિભાગ દીઠ કુલ 3 નિર્ણાયક રાખી શકાય) (કુલ 9 નિર્ણાયક) |
| રીફ્રેશમેન્ટ, સાહિત્ય અને અન્ય ખર્ચ | આયોજનની ગ્રાન્ટ એક CRC દીઠ રૂ.400/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક BRC.દીઠ રૂ. 600/- પ્રમાણે |

8) જિલ્લાકક્ષા અને બી.આર.સી.કક્ષાની સ્પર્ધા માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે. સમગ્ર વાર્તા કાર્યક્રમ અને વાર્તાસ્પર્ધાના આયોજનની જવાબદારી ગત વર્ષની જેમ જ ડાયેટ કક્ષાએ ડી.આર.યુ. શાખાને નિભાવવાની રહેશે.

9) **આયોજન માટેનો સમયગાળોઃ**

- વાર્તાકાર્યક્રમ અંતર્ગત વાર્તાકથન અને વાર્તાલેખન એમ બંને સ્પર્ધાઓ નીચે પ્રમાણેના આયોજન મુજબ એક જ દિવસે કરવાનું રહેશે.

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | સમયગાળો |
|---|---|---|
| 1 | શાળાકક્ષાએ | તા. 18 નવેમ્બર, 2024 થી 30, નવેમ્બર,2024 સુધી પૂર્ણ કરવી. |
| 2 | સીઆરસી કક્ષાએ | તા. 1 ડિસેમ્બર, 2024 થી 15 ડિસેમ્બર, 2024 દરમિયાન સુધી પૂર્ણ કરવી. |

| | | |
|---|---|---|
| 3 | તાલુકાકક્ષાએ | તા. 16 ડિસેમ્બર, 2024 થી 31 ડિસેમ્બર, 2024 દરમિયાન સુધી પૂર્ણ કરવી. |
| 4 | જિલ્લાકક્ષાએ | તા. 1 જાન્યુઆરી, 2025 થી 15 જાન્યુઆરી, 2025 દરમિયાન સુધી પૂર્ણ કરવી. |
| 5 | ઝોનકક્ષાએ | તા. 16 જાન્યુઆરી, 2025 થી 30 જાન્યુઆરી, 2025 દરમિયાન સુધી પૂર્ણ કરવી. |
| 6 | રાજ્ય કક્ષાએ | તા. 1 ફેબ્રુઆરી, 2025 થી 10 ફેબ્રુઆરી, 2025 દરમિયાન યોજવામાં આવનાર છે. |

- ઉપર જણાવેલ સમય આયોજન મુજબ શાળાથી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે.

- **વાર્તાસ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવામાં આવેલ સમયઆયોજનનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.**

10) આ ઉપરાંત સદર વાર્તાસ્પર્ધા માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | વિવિધ વિભાગ (બાલવાટિકા થી ધોરણ ૮) |
|---|---|
| તજજ્ઞોની પસંદગીનાં ધોરણો | વાર્તા સ્પર્ધામાટે- વાર્તાના જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર, તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર, શિક્ષક /નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |
| શાળાકક્ષાએ | શાળાના આચાર્ય દ્વારા નક્કી કરવાના રહેશે. |
| ક્લસ્ટર કક્ષાએ | સી.આર.સી.કો.ઓ. દ્વારા નક્કી કરવાના રહેશે. |
| તાલુકાકક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, અને બી.આર.સી. કો.ઓ. દ્વારા સાથે મળીને નક્કી કરવાના રહેશે. |

| | |
|---|---|
| જિલ્લાકક્ષાએ | ડાયેટ પ્રચાર્યશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા સાથે મળીને નક્કી કરવાના રહેશે. |
| ઝોન કક્ષાએ | વાર્તા સ્પર્ધા માટે- વાર્તાના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |
| રાજ્ય કક્ષાએ | વાર્તા સ્પર્ધા માટે- વાર્તાના જાણકાર શિક્ષક/નિવૃત્તશિક્ષક કે બાળકેળવણીકાર/ બાળસાહિત્યકાર, જાણીતા વાર્તાકાર/સર્જક/ બાળસાહિત્યકારની પસંદગી કરવાની રહેશે. |

**<u>આ કાર્યક્રમ સુચારુ આયોજન સારુ નીચે મુજબની સામાન્ય સૂચનાઓ :</u>**

(1) નિપુણ ભારત અંતર્ગત યોજાનાર વાર્તા સ્પર્ધામાં રાજ્યની સરકારી, આદર્શ નિવાસી શાળા, આશ્રમશાળા, કે.જી.બી.વી. વગેરે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

(2) શાળાકક્ષાએથી લઇને સી.આર.સી. કક્ષાએ, બી.આર.સી. કક્ષાએ, જિલ્લાકક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાનું પત્રક નિભાવવાનું રહેશે.

(3) કાર્યક્રમ અંગેનો ફોટા સહિતનો અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

(4) વાર્તા સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ મૌખિક અને સર્જનાત્મક કૌશલ્યો વિકસાવવાનો છે. વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાવવાનો ઇરાદો નથી. સ્પર્ધાની જુદા-જુદા ક્ષેત્રમાં વહેંચણી થયેલ હોઇ (શાળા, ક્લસ્ટર, તાલુકા, જિલ્લા, રાજય) આગળના- તબક્કામાં સ્પર્ધકને મોકલી આપવા પુરતું વિદ્યાર્થીને ક્રમ આપવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન સ્પર્ધા અને આયોજનના સુચારું સંચાલન માટે આયોજકનો નિર્ણય આખરી ગણાશે અને તે દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

**સ્પર્ધાનું નામ : વાર્તાકથન સ્પર્ધા (બાળકોની મનપસંદ વાર્તા)**

**વિભાગ-1 બાલવાટિકા થી ધોરણ ૨(ફાઉન્ડેશનલ સ્ટેજ)**

**આ સ્પર્ધા માટેની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ :**

1) શાળા કક્ષા, બ્લોક કક્ષા તેમજ જિલ્લા કક્ષાએ વાર્તાકથન માટે બાલવાટિકા તથા ધોરણ-1 અને 2ના બાળકોએ ગુજરાતી/ હિંદી અથવા અંગ્રેજીભાષામાં પોતાની મનપસંદ બાળવાર્તામાંથી કોઈ એક બાળવાર્તા રૂબરૂ ઉપસ્થિત રહી રજૂ કરવાની રહેશે.

2) વાર્તા એ શબ્દચિત્ર છે ચલચિત્ર નથી, આથી વાર્તા કથન એકપાત્રિય અભિનય ન બની જાય તેની કાળજી રાખવી.
3) સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.
4) સ્પર્ધાનો સમયગાળો વિદ્યાર્થીદીઠ મહત્તમ ૫ મિનિટનો રહેશે.
5) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
6) ઝોનકક્ષા તેમજ રાજ્યકક્ષાની વાર્તાસ્પર્ધા માટે બાળકોએ સ્પર્ધાના સ્થળ ઉપર રૂબરૂ જવાનું રહેશે નહીં.
7) ઝોનકક્ષા તેમજ રાજ્યકક્ષાની વાર્તાસ્પર્ધા માટે બાળકોની બાળવાર્તાનો વિડીયોનું રેકોર્ડીંગ કરવાનું રહેશે.

➢ **આ સ્પર્ધાના વિડીયો રેકોર્ડીંગ માટે માર્ગદર્શક સૂચનો :**

1) આ સ્પર્ધા માટે બાળવાર્તાનો વિડીયો મહત્તમ 5 મિનિટનો રેકોર્ડ કરવાનો રહેશે.
2) વિડીયો રેકોર્ડીંગ શક્ય હોય તો નવા ડિવાઈસ/મોબાઈલમાં કરવો. જેથી તેની સાઈઝ ઓછી થાય.
3) જો શક્ય હોય તો બાળકે વાર્તાકથન માટે માઇકનો ઉપયોગ કરવો.
4) વિડીયો રેકોર્ડીંગ વખતે બાળકોએ યુનિફોર્મ કે વેશભૂષા પહેરવાના નથી.
5) વિડીયો રેકોર્ડીંગ વખતે કોઈ પણ પ્રકારના T.L.M.નો ઉપયોગ કરવાનો નથી.
6) વિડીયો રેકોર્ડીંગ વખતે બેક ગ્રાઉન્ડમાં પ્લેન દીવાલ કે પ્લેન પડદો રાખવાનો રહેશે. કોઈ બેનર કે શાળાનું નામ આવવું જોઈએ નહીં.
7) વિડીયો રેકોર્ડીંગ કરતી વખતે આપનો ડિવાઈસ/મોબાઈલ હંમેશા આડો/ Horizontal સ્થિતિમાં રાખી રેકોર્ડીંગ કરવું.
8) વિડીયો રેકોર્ડીંગ કરતી વખતે વર્ગખંડમાં આવેલ પંખો/ફેન બંધ રાખવો. અને બહારનો કોઈ અવાજ ન આવે તેનો ખ્યાલ રાખવો.
9) વિડીયો રેકોર્ડીંગ વખતે બેક ગ્રાઉન્ડમાં કોઈ ટ્યુબ લાઈટ/લેમ્પ ચાલુ રાખવો નહીં.
10) વિડીયો રેકોર્ડીંગ બ્લુ-ટુથનો જ ઉપયોગ કરી રેકોર્ડીંગ કરવું.
11) વિડીયો રેકોર્ડીંગ થઇ ગયા પછી કોઈએ તેમાં એડીટીંગ કરવાનું નથી, એડીટીંગ કરેલ વિડીયો માન્ય ગણાશે નહીં.
12) વિડીયો રેકોર્ડીંગ થઇ ગયા પછી આપની Google Driveમાં અપલોડ કરી તેની લીંક શેર કરવી.

13)વિડીયો જયારે શેર કરો ત્યારે access માં Anyone With the link પર ટીક કરવું.

**સ્પર્ધાનું નામ : વાર્તાકથન સ્પર્ધા (બાળકોની મનપસંદ વાર્તા)**

**વિભાગ-2 [ ધોરણ 3 થી ૫ (પ્રીપેરેટરી સ્ટેજ) ]**

**આ સ્પર્ધામાટેની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ :**

(1) ધોરણ 3 થી 5 માટે નિપુણ ભારત વાર્તાસંગ્રહ પુસ્તિકાઓ તેમજ શાળા પુસ્તકાલયમાં ઉપલબ્ધ અથવા વર્તમાનપત્રમાંના બાળસાહિત્ય પૈકીની કોઈપણ એક મનપસંદ વાર્તા **ગુજરાતી/ હિંદી અથવા અંગ્રેજીભાષામાં** રજૂ કરવાની રહેશે.

(2)વાર્તા એ શબ્દચિત્ર છે ચલચિત્ર નથી, આથી વાર્તા કથન એકપાત્રિય અભિનય ન બની જાય તેની કાળજી રાખવી.

(3)સ્પર્ધકને કોલ આપ્યા બાદ ૨ મિનિટમાં રજૂઆત માટે ઉપસ્થિત થશે નહીં તો તે સ્પર્ધા માટે ગેરલાયક ઠરશે જે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે.

(4)સ્પર્ધાનો સમયગાળો વિદ્યાર્થી દીઠ મહત્તમ ૫ મિનિટનો રહેશે.

(5)નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

<u>સૂચિત ગુણાંકન પત્રક (વાર્તા કથન)</u>

| વાર્તાની પસંદગી અને કથાવસ્તુ | આરોહ-અવરોહ | ચહેરાના હાવભાવ | રજૂઆતની શૈલી અને આત્મવિશ્વાસ | સમગ્રછાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 10 | 10 | 10 | 10 | 10 | 50 |

- **<u>વાર્તાલેખન (નિર્માણ) સ્પર્ધા -</u> વિભાગ-3 [ધોરણ 6 થી 8 (મીડલ સ્ટેજ) ]**

**આ સ્પર્ધા માટેની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ :**

(1) વાર્તાલેખન ગુજરાતી/ હિંદી અથવા અંગ્રેજીભાષામાં કરી શકાશે.

(2) વાર્તાલેખન માટે કેટલીક થીમ આપવામાં આવશે. જેમકેઃ, **ટાઇમ ટ્રાવેલિંગ**- વર્ષ ૨૦૫૦નું મારું ગામ/શહેર, **ઐતિહાસિક** – શિવાજીનું સાહસ, વિજ્ઞાનની કલ્પના આધારિત (સાયન્સ ફિક્શન)- એલીયન : મારો દોસ્ત, **પૌરાણિક પાત્ર આધારિત** વાર્તા- બાળગણેશ/બાળભીમ/બાળકૃષ્ણ, **હાસ્યવાર્તા**- કીડીનું સ્વપ્ન, **પ્રેરણાવાર્તા**- શિક્ષક- વિદ્યાર્થી સંબંધ અને આ પ્રકારની અન્ય થીમ. આ પ્રકારની અન્ય થીમની પસંદગી કરી તે પૈકીની કોઇ એક થીમ આધારિત વાર્તા બનાવીને લેખન કરવાનું રહેશે.

(3) આ તેમજ તેના જેવી અન્ય થીમ સ્પર્ધાના સમયે જ સ્પર્ધકોને બોર્ડ પર લખી આપવામાં આવશે. તેનો ઉપયોગ કરીને સ્પર્ધકે પોતાની રીતે ઓછામાં ઓછા પંદર થી વીસ વાક્યોની વાર્તા બનાવવાની રહેશે.

(4) વાર્તાનિર્માણ અને લેખન માટે મહત્તમ 20 મિનિટનો સમય આપવાનો રહેશે.

(5) આ માટે સ્પર્ધકોને સપ્લીમેન્ટરી સ્પર્ધાના સ્થળેથી આયોજક તરફથી આપવામાં આવશે.

(6) કાળી અથવા વાદળી પેનથી વાર્તાલેખન કરવાનું રહેશે. જે સ્પર્ધકે લઈને આવવાનું રહેશે.

(7) શાળા કક્ષાની વાર્તા લેખન સ્પર્ધા માટેની થીમ મુખ્યશિક્ષક અને ભાષાના શિક્ષક દ્વારા મળીને આપવાના રહેશે.

(8) સી.આર.સી. કક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેનીથીમ સી.આર.સી. અને પે સેન્ટર શાળાના આચાર્ય અને ક્લસ્ટરના બે અનુભવી અને નિષ્ણાંત ભાષાશિક્ષક દ્વારા મળીને આપવાના રહેશે.

(9) બી.આર.સી. કક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેની થીમ સ્પર્ધાના દિવસે જિલ્લા (ડાયેટ) કક્ષાએથી આપવાના આવશે. .

(10) જિલ્લાકક્ષાની વાર્તાલેખન સ્પર્ધા માટેની થીમ સ્પર્ધાના દિવસે સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા નક્કી કરી આપવાના આવશે.

(11) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

<u>સૂચિત ગુણાંકનપત્રક(વાર્તાલેખન)</u>

| વાર્તાનું વિષયવસ્તુ | ભાષા સજ્જતા અને ભાષાશુદ્ધિ | મૌલિકતા | લેખનશૈલી | સમગ્રછાપ | કુલ |
|---|---|---|---|---|---|
| 10 | 10 | 10 | 10 | 10 | 10 |

આ સારુ નીચે મુજબનું એન્ટ્રી ફોર્મ ભરવાનું રહેશે.

<u>સ્પર્ધાની કક્ષાઃ શાળા/ ક્લસ્ટર/ તાલુકા/ જિલ્લા કક્ષા</u>

| વિભાગ | વિભાગનું નામ | સ્પર્ધાનું નામ | પ્રથમ વિજેતાનું નામ | જન્મતારીખ | ધોરણ | શાળાનું નામ | સી.આર.સી. | તાલુકો | જિલ્લો | આચાર્યનો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ફાઉન્ડેશનલ સ્ટેજ | વાર્તા કથન | | | | | | | | |
| (૨) | પ્રિપેરેટરી સ્ટેજ | વાર્તા કથન | | | | | | | | |
| (૩) | મિડલ સ્ટેજ | વાર્તા નિર્માણ | | | | | | | | |

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

(પી. કે. ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ સવિનય રવાના :

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર

નકલ રવાના :

- જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- શાસનાધિકારીશ્રી,તમામ, ગુજરાત